ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૭ તા. ૧૭.૦૪.૨૦૧૯

-----------

આણંદની આ ધરતી સંતરામ મંદિર, સત કૈવલ પરંપરા અને સ્વામીનારાયણ પરંપરા આ ત્રણેય પરંપરાઓએ ભૂતકાળમાં ફક્ત ચરોતર અને ખેડામાં જ નહીં સમગ્ર ગુજરાતમાં સાંસ્કૃતિક ચેતનાને જગાડવાનું કાર્ય કર્યુ છે
- શ્રી નરેન્દ્રભાઈ મોદી

-----------

પાંચ વર્ષ પહેલાં દેશની જનતાએ એક વોટથી દિલ્હીની સલ્તનતને બદલે એક ચોકીદારને પ્રધાનસેવક તરીકે બેસાડ્યો ત્યારે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિના સોગંદ ખાઈને શ્રી સરદાર સાહેબના તમામ સપના પુરા કરવા માટે મેં પોતાની જાતને ખપાવી દઈશ તેઓ નિર્ધાર વ્યક્ત કર્યો હતો - શ્રી નરેન્દ્રભાઈ મોદી

-----------

કોંગ્રેસે ગરીબીને માનસિક અવસ્થા ગણાવીને ગરીબોનું અપમાન કર્યુ છે. ઉત્તર-પૂર્વીય રાજ્યોના પોશાકને વિચિત્ર પોશાક કહી તેનું અપમાન કરે છે. દેશના બહુસંખ્યક સમાજ માટે હિંદુ આતંકવાદની થીયરીઓ પ્રસ્તુત કરે છે
- શ્રી નરેન્દ્રભાઈ મોદી

-----------

ગરીબો માટે ભૂતકાળની સરકારની સરખામણીમાં છ ગણા વધારે આવાસો, ગરીબ મહિલાઓના ઘરમાં ગેસ કનેક્શન, છેવાડાના ઘર-ગામ સુધી વીજ કનેક્શન, આઝાદીના સાત દશકા બાદ કરોડો શૌચાલયનું નિર્માણ, યુવાઓને સાત લાખ કરોડ રૂપિયાની લોન બેન્ક ગેરંટી વગર જેવા કાર્યો ફક્ત અને ફક્ત જનતાના આશીર્વાદ લીધે જ શક્ય બન્યા છે
- શ્રી નરેન્દ્રભાઈ મોદી

-----------

દશકો સુધી શાસન કરનારી કોંગ્રેસે "ખાઓ ઓર ખિલાઓ"ની રાજનીતિ કરીને દેશને ખોખલો બનાવી દીધો છે. પણ હું દેશવાસીઓને આશ્વસ્ત કરવા માગું છું કે, દેશની ૧૩૦ કરોડ જનતાના આશીર્વાદથી દેશને લૂંટનારા પાસેથી પાઈ-પાઈનો હિસાબ લેવામાં આવશે. - શ્રી નરેન્દ્રભાઈ મોદી

-----------

કોંગ્રેસ દેશના મધ્યમવર્ગને સ્વાર્થી કહી રહી છે ત્યારે દેશનો મધ્યમવર્ગ જ નિયમ-કાનુનોનું સૌથી વધારે પાલન કરતો હોય છે, નિયમિત ટેક્સ ભરતાં હોય છે અને જો દેશની સંપત્તિ ઉપર જો કોઈ સૌથી ઓછો બોજ આપતું હોય તો તે મધ્યમ વર્ગ જ છે. આવા કર્મયોગી મધ્યમ વર્ગને સ્વાર્થી કહેનારી કોંગ્રેસને મધ્યમવર્ગ ચૂંટણીમાં સાફ કરી દેશે
- શ્રી નરેન્દ્રભાઈ મોદી

-----------

મોદીનો વિરોધ કરતા કરતા ભારત વિરોધી બની ગયેલી કોંગ્રેસને દેશની ૧૩૦ કરોડ જનતા માફ નહીં કરે
- શ્રી નરેન્દ્રભાઈ મોદી

-----------

કોંગ્રેસને દુઃખ એ નથી કે વિશ્વની સૌથી મોટી પ્રતિમા ગુજરાતમાં છે કોંગ્રેસને દુઃખ એનું છે કે વિશ્વની સૌથી મોટી પ્રતિમા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

-----------

આજરોજ દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આણંદ લોકસભામાં આવતા વલ્લભવિદ્યાનગર ખાતે જંગી જાહેરસભાને સંબોધન કર્યુ હતું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, આજે હું સહકારી ક્ષેત્રે સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કરનાર 'અમુલ'ની ધરતી અને શ્રી સરદાર સાહેબે વાવેલા બીજનું વટવૃક્ષ એવી આણંદની ધરતી પર આવ્યો છું ત્યારે મને ગર્વની અનુભૂતિ થઈ રહી છે. ચરોતર આવવાનો એક સુખદ અનુભવ છે, પૂર્વ દિશામાં પાવાગઢ ખાતે માં કાળકા, પશ્ચિમમાં અમદાવાદ ખાતે માં ભદ્રકાળી તેમજ દક્ષિણમાં સમુદ્રતટે બિરાજમાન માં સિકોતરના આશીર્વાદ આપ સૌના પર બન્યા રહે તેવી માં ના ચરણોમાં પ્રાર્થના.

આણંદની આ ધરતી સંતરામ મંદિર, સત કૈવલ પરંપરા અને સ્વામીનારાયણ પરંપરા આ ત્રણેય પરંપરાઓએ ભૂતકાળમાં ફક્ત ચરોતર અને ખેડામાં જ નહીં સમગ્ર ગુજરાતમાં સાંસ્કૃતિક ચેતનાને જગાડવાનું કાર્ય કર્યું છે. આ ત્રણે પરંપરાઓના ચરણોમાં વંદન. પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાત તેમજ સમસ્ત ભારતવાસીઓ અને વિશ્વને ભગવાન મહાવીર જયંતિની શુભકામનાઓ પાઠવી હતી. આણંદ શ્વેતક્રાંતિની જન્મભૂમિ છે અને આણંદની દરેક વ્યક્તિ શ્વેતક્રાંતિના નાયક-નાયિકા છે. શ્રી મોદીજીએ આણંદના ગામોમાં વસતા ખેડૂતો અને પશુપાલકોને શીશ ઝુકાવીને નમન કર્યું હતું.

લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્દુલાલ યાજ્ઞિક અને ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા મહાપુરુષોએ આ ધરતીનું સિંચન કર્યું છે. આણંદે દેશને નવી દિશા આપી છે. આણંદ સન્માન અને સ્વાભિમાનની ભૂમિ છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં દેશની ૧૩૦ કરોડ જનતાના સહયોગથી જ દેશના વિકાસ માટે ઈમાનદારીપૂર્વક અથાગ પ્રયત્નો કર્યા છે. જનતાના સમર્થનથી જ સામાન્ય માનવીની આવશ્યકતાઓ પૂર્ણ કરવા મહત્ત્વપૂર્ણ પગલાં લઈ શક્યા છીએ. ગરીબો માટે ભૂતકાળની સરકારની સરખામણીમાં છ ગણા વધારે આવાસો, ગરીબ મહિલાઓના ઘરમાં ગેસ કનેક્શન, છેવાડાના ઘર-ગામ સુધી વીજ કનેક્શન, આઝાદીના સાત દશકા બાદ કરોડો શૌચાલયનું નિર્માણ, યુવાઓને સાત લાખ કરોડ રૂપિયાની લોન બેન્ક ગેરંટી વગર જેવા કાર્યો ફક્ત અને ફક્ત જનતાના આશીર્વાદ લીધે જ શક્ય બન્યા છે. પાંચ વર્ષ પહેલાં દેશની જનતાએ એક વોટથી દિલ્હીની સલ્તનતને બદલે એક ચોકીદારને પ્રધાનસેવક તરીકે બેસાડ્યો. શ્રી નરેન્દ્રભાઈએ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિની સોગંદ ખાઈને શ્રી સરદાર સાહેબના તમામ સપના પુરા કરવા માટે તેઓ પોતાની જાતને ખપાવી દેશે તેઓ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં તેમની સરકારે સામાન્ય જનતાની જરૂરિયાતો પૂરી કરવા તરફ ધ્યાન આપ્યું. આગામી સમયમાં જનતાની આકાંક્ષાઓની પૂર્તિ માટે આગળ વધવાનું છે. આજે સમગ્ર દેશ આત્મવિશ્વાસથી ભરપૂર છે ત્યારે આગામી સમયમાં આપણે સૌ વિકસિત ભારત તરફ આગળ વધવાનું છે. છેલ્લા પાંચ વર્ષમાં આપણે સૌએ શ્રી સરદાર સાહેબના **એક ભારત શ્રેષ્ઠ ભારત** નારાને બુલંદી આપી હવે તેને મજબૂતી આપવાની છે. કોંગ્રેસે હંમેશા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનું અપમાન કર્યું. સરદાર સાહેબના સંસ્કારો અને વિચારોને કોંગ્રેસના એક પરિવારે રુંધવાનો પ્રયાસ કર્યો.

કાશ્મીરમાં કોંગ્રેસના સાથી પક્ષના વ્યક્તિ જણાવે છે કે જો કોઈ પાકિસ્તાનને ગાળો આપશે તો હું હિંદુસ્તાનને તેના કરતા પણ વધારે ગાળો આપીશ. શું આવા લોકોને મત આપવાની ભૂલ આણંદ, છોટાઉદેપુર, ખેડા કે સમગ્ર ગુજરાતનો કોઈપણ નાગરિક કરી શકે છે?

જ્યારે હું કહું છું કે, દેશના પ્રથમ પ્રધાનમંત્રી સરદાર સાહેબ હોત તો દેશની સ્થિતિ અલગ જ હોત ત્યારે નામદાર અને તેના દરબારીઓમાં હડકંપ મચી જાય છે. કોંગ્રેસ દેશને નહીં ફક્ત અને ફક્ત એક પરિવારને જ પ્રાધાન્ય આપ્યું છે. કોંગ્રેસને દુઃખ એ નથી કે વિશ્વની સૌથી મોટી પ્રતિમા ગુજરાતમાં છે કોંગ્રેસને દુઃખ એનું છે કે વિશ્વની સૌથી મોટી પ્રતિમા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ બે દશકાથી મને નિરંતર ગાળો આપી રહી છે. તેના આપ સૌ સાક્ષી છો પણ હવે કોંગ્રેસ તમામ સીમાઓ વટાવી ચૂકી છે અને મોદીથી બદલો લેવા માટે સમગ્ર ઓબીસી સમાજને કોંગ્રેસ ચોર કહી રહી છે. દેશનું અને સમાજનું વિભાજન કરવું એ જ કોંગ્રેસના વંશવાદનું પરિણામ છે.

કોંગ્રેસે ગરીબીને માનસિક અવસ્થા ગણાવીને ગરીબોનું અપમાન કર્યુ છે. ઉત્તર-પૂર્વીય રાજ્યોના પોશાકને વિચિત્ર પોશાક કહી તેનું અપમાન કરે છે. દેશના બહુસંખ્યક સમાજ માટે હિંદુ આતંકવાદની થીયરીઓ પ્રસ્તુત કરે છે. આવા નિવેદનો આપનારી

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




કોંગ્રેસને દેશની જનતા ક્યારેય માફ નહીં કરે. શરમની વાત તો એ છે કે, કોંગ્રેસ દેશના મધ્યમવર્ગને સ્વાર્થી કહી રહી છે. દેશનો મધ્યમવર્ગ જ નિયમ-કાનુનોનું સૌથી વધારે પાલન કરતો હોય છે, નિયમિત ટેક્સ ભરતાં હોય છે અને જો દેશની સંપત્તિ ઉપર જો કોઈ સૌથી ઓછો બોજ આપતું હોય તો તે મધ્યમ વર્ગ જ છે. આવા કર્મયોગી મધ્યમ વર્ગને સ્વાર્થી કહેનારી કોંગ્રેસને મધ્યમ વર્ગ ચૂંટણીમાં સાફ કરી દેશે.

ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોમાં દેશમાં ૨૦ હજારથી પણ વધારે એવી સંસ્થાઓ હતા. જેઓ વિદેશમાંથી મોટી માત્રામાં ભંડોળ મેળવીને તેનો ઉપયોગ ક્યાં કર્યો હતો તેનો કોઈ હિસાબ જ આપતા નહોતા. કોંગ્રેસ આવા તત્વોને છાવરતી રહી તેમનો ફાયદો લેતી રહી અને તેમની પાસે ક્યારેય કોઈ હિસાબ ન માગ્યો. ૨૦૧૪માં બનેલી ભારતીય જનતા પાર્ટીની સરકારે આવી તમામ સંસ્થાઓ પાસેથી એક-એક પાઇનો હિસાબ માંગ્યો અને વિદેશમાંથી તેમને મળતું ફન્ડિંગ સંપૂર્ણ રીતે બંધ કરી દીધુ.

દશકો સુધી દેશ પર શાસન કરનારી કોંગ્રેસે "ખાઓ ઓર ખિલાઓ"ની રાજનીતિ કરીને આ દેશને ખોખલો બનાવી દીધો છે. પણ હું દેશવાસીઓને આશ્વસ્ત કરવા માગું છું કે, દેશની ૧૩૦ કરોડ જનતાના આશીર્વાદથી દેશને લૂંટનારા પાસેથી પાઈ-પાઈનો હિસાબ લેવામાં આવશે. મોદીનો વિરોધ કરતા કરતા ભારત વિરોધી બની ગયેલી કોંગ્રેસને દેશની ૧૩૦ કરોડ જનતા માફ નહીં કરે.

દેશમાં જ્યારે જ્યારે કોંગ્રેસની સરકારો આવી છે, ત્યારે ત્યારે મોંઘવારી વધી છે. કોંગ્રેસની સરકારોમાં મોંઘવારીનો દર ૧૦ ટકાની આસપાસ રહેતો હતો જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં મોંઘવારીનો દર માત્ર ચાર ટકાની આસપાસ રહ્યો છે. ભાજપાની સરકારે એજ્યુકેશન લોન, હોમ લોનમાં વ્યાજદર ઘટાડીને મધ્યમ વર્ગને રાહત આપી છે. હૃદય અને ઘૂંટણની સર્જરીઓ ૭૦ ટકા સુધી સસ્તી થઇ છે. આજે આ દેશ આગળ વધી રહ્યો છે તો તે મધ્યમ વર્ગની મહેનતથી જ વધી રહ્યો છે. દેશની જનતાને સારા રસ્તા-આધુનિક ટ્રાન્સપોર્ટની સુવિધા અને સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવાની કટિબદ્ધતા ભાજપાની સરકારી દર્શાવી છે. મધ્યમ વર્ગના વ્યક્તિની જીવનભરની કમાઈ કોઈ ઠગ બિલ્ડર પચાવી ન પાડે તેના માટે એક મહત્વનું માળખું 'રેરા' બનાવ્યું છે.

ભારતીય જનતા પાર્ટી **"સૌને સુરક્ષા સૌને સન્માન"** સૂત્રમાં વિશ્વાસ ધરાવે છે. સરકારની કોઈપણ યોજનાનો લાભ નાગરિકની જાતિ કે ધર્મ જોઈને નહીં પણ તેની જરૂરિયાત અને આવશ્યકતા જોઇને તેને આપવામાં આવે છે.

પ્રધાનમંત્રી જણાવ્યું હતું કે, આણંદને એક્સપ્રેસ વે, નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે મળવાથી તેનો વિકાસ તેજ ગતિથી થઈ રહ્યો છે. આ ઉપરાંત દિલ્હી મુંબઈ ફ્રેઈટ કોરિડોર વાસદ-બગોદરા રોડ તેમજ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનો સીધો ફાયદો આગામી ભવિષ્યમાં આણંદને મળવા જઈ રહ્યો છે. અમુલ આજે ફક્ત ખેડા સુધી જ સીમિત નથી પરંતુ સમગ્ર વિશ્વમાં એક બ્રાન્ડ બની ચૂકી છે. પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જયારે તેઓ છેલ્લે આણંદ આવ્યા હતા ત્યારે હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટના લોકાર્પણ અને શિલાન્યાસનો અવસર તેમને મળ્યો હતો અને અમૂલ ડેરીના વિસ્તાર અંતર્ગત ફૂડ પ્રોસેસિંગથી જોડાયેલા વિવિધ પ્લાન્ટને દેશને સમર્પિત કર્યા હતા. પશુપાલકો આ દેશનું અભિન્ન અંગ છે, આગામી સમયમાં પશુપાલકોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય કામધેનુ આયોગ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે પશુધનની સુરક્ષા અને તેમને લગતા નિયમ અને કાનૂનને લાગુ કરવાનું કાર્ય કરશે.

આ પ્રસંગે લોકસભા ચૂંટણી પ્રભારી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી ઓમજી માથુર, ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર લોકસભા ભાજપા ઉમેદવાર સર્વે શ્રી મિતેશ પટેલ, શ્રી દેવુસિંહ ચૌહાણ, શ્રીમતી રંજનબેન ભટ્ટ અને શ્રીમતી ગીતાબેન રાઠવા, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, પૂર્વ સંસદસભ્યશ્રીઓ, જીલ્લા/મહાનગરના ભાજપા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, સામાજિક સંસ્થાઓના આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૮ તા. ૧૭.૦૪.૨૦૧૯

-----------

**જેમ મીઠા વગર જમણ સ્વાદિષ્ટ ન બને એમ**
**ગુજરાતની વિકાસયાત્રામાં સુરેન્દ્રનગરના વિકાસની વાત વગર વિકાસગાથા ન જામે - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**જે વંશવાદીઓએ ૭૦ વર્ષ આ દેશના બરબાદ કર્યા તેમને દેશનું સુકાન હવે ૭૦ મીનીટ પણ ન અપાય**
**- શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**દેશને બરબાદ કરનાર, પરિવારવાદને સમર્થન કરનાર, આતંકવાદને સમર્થન કરનાર લોકોની જમાનત જપ્ત કરાવી, ગુજરાતની જનતા સાચા અર્થમાં રાષ્ટ્રભક્ત છે તે સાબિત કરી આપવાનું છે - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**પાકિસ્તાનના અખબારોમાં કોંગ્રેસ દ્વારા દેશ વિરોધી કરવામાં આવેલા નિવેદનો હેડલાઇન બને છે, ત્યાંની પાર્લામેન્ટમાં પણ દેશ વિરોધી ભારતના નેતાઓની નામજોગ ચર્ચાઓ કરવામાં આવે છે - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**કોંગ્રેસ એટલી બધી નીચે જઇ રહી છે કે, તેને ઉભા થવાના પણ હવે ઠેકાણા નથી - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**કોંગ્રેસ ચોકીદાર પર ગમે તેટલો કાદવ ઉછાળે, પરંતુ તેમાંથી વધારે ને વધારે કમળ ખીલશે - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**કોંગ્રેસના એક સલાહકારે નિવેદન આપ્યું છે કે, મધ્યમવર્ગ સ્વાર્થી છે તેના પર ટેક્ષ નાંખવાનો જ હોય જ્યારે ભાજપાએ મધ્યમવર્ગ માટે ઈન્કમટેક્ષમાં રૂ. ૫ લાખ સુધીની કરમુક્તિ આપી છે - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**પાણી એ પારસ સમાન છે. જેમ પારસના સ્પર્શથી લોઢું સોનું બની જાય છે, તેમ પાણીના સ્પર્શથી ગુજરાતની ધરતીમાંથી સોનું ઉગી નીકળ્યું છે - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ''ભારત માતા કી જય''ના જયઘોષ સાથે સુરેન્દ્રનગર ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધતા કહ્યું હતું કે, પંચાલ પ્રદેશના પવિત્ર યાત્રાધામોની આ પાવન ભૂમિ છે, અસુરોનો વધ કરનારી માં ચામુંડાને પ્રણામ કરૂ છું. આ રાષ્ટ્રકવિ ઝવેરચંદ મેઘાણીની ભૂમી છે, ક્રાંતિવીર સરદારસિંહ રાણાની ભૂમિ છે, કવિ મીનપ્યાસીની ભૂમિ છે. આ ભૂમિ પર થતો તરણેતરનો મેળો એ વિશ્વવિખ્યાત છે. ગૌરક્ષા માટે જેણે વીરગતિ વહોરી એવા વીર વચ્છરાજની આ ભૂમિ છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગઈકાલે ગુજરાત સહિત અનેક રાજ્યોમાં આવેલી કુદરતી હોનારતના કારણે જે પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી હતી અને તેમના માટે જેટલું થઈ શકે એટલું કરી છુટવાની ભાવના વ્યક્ત કરી હતી તેમજ ધાંગધ્રાના રાજમાતાને શ્રદ્ધાંજલિ આપી હતી.

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ વિસ્તારની આગવી ઓળખ આપતા જણાવ્યું હતું કે, જેમ મીઠા વગર જમણ સ્વાદિષ્ટ ન બને એમ ગુજરાતની વિકાસયાત્રામાં સુરેન્દ્રનગરના વિકાસની વાત વગર વિકાસગાથા ન જામે.

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૧૯ની ચૂંટણી મહત્વની કેમ છે તે સમજાવતા જણાવ્યું હતું કે, આ ચૂંટણી આપના સંતાનોનું ભવિષ્ય કોના હાથમાં ઉજ્જવળ અને સલામત છે તેની છે. જે વંશવાદીઓએ ૭૦ વર્ષ આ દેશના બરબાદ કર્યા તેમને દેશનું સુકાન હવે ૭૦ મીનીટ પણ ન અપાય. જે પરિવારની ચાર-ચાર પેઢીઓએ ગરીબી હટાવવાના વાયદાઓ કરી ભારતની જનતાને છેતરી

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



છે, ત્યારે આ પરિવારના લોકો ફરીથી એ જ વાયદા સાથે દેશની જનતા સમક્ષ વોટબેંકની રાજનીતિ કરવા નિકળી છે. શું આવા લોકોને ફરીથી તમે તમારો પવિત્ર મત આપશો ?

શ્રી નરેન્દ્રભાઈએ વધુમાં જણાવ્યું હતું કે આ વખતની ચૂંટણીમાં ૨૬ માંથી ૨૬ બેઠકો સાથે દેશને બરબાદ કરનાર, પરિવારવાદને સમર્થન કરનાર, આતંકવાદને સમર્થન કરનાર લોકોની જમાનત જપ્ત કરી, ગુજરાતની જનતા સાચા અર્થમાં રાષ્ટ્રભક્ત છે તે સાબિત કરી આપવાનું છે. શ્રી નરેન્દ્રભાઈએ ઉમેર્યુ હતું કે, ૨૦૧૪ થી ૨૦૧૯ દરમ્યાન આ દેશને ગણતરીપૂર્વક સાચી દિશામાં આગળ લઈ જવાનો મેં નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કર્યો છે. દેશની જનતાએ આપેલ પૂર્ણ જનાદેશ બાદ ભાજપાના નેતાઓ જનતાની વચ્ચે તેઓએ કરેલ કામોનો હિસાબ આપવા આજે આવ્યાં છે, ત્યારે તેમાં કોઇ ગોટાળા ન થવાની વાત પણ પ્રજા સમક્ષ મૂકે છે અને દેશહિતમાં તેમજ તેઓએ કરેલ વિકાસ કાર્યોની વાત પણ મૂકવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રામાણિકતાપૂર્વક દેશની સેવા કરી છે. ભાજપાની સરકારમાં લેવાયેલ કડક નિર્ણયો થકી કોંગ્રેસ અને સાથી પક્ષોના આ કૌભાંડીઓને જેલના દરવાજા સુધી પહોંચાડવામાં સફળ થયાં છીએ, હાલમાં આ તમામ કૌભાંડી નેતાઓ જામીન પર છે. ૨૦૧૯ પછી આ કૌભાંડીઓને જેલના સળીયા પાછળ ધકેલવાનું કામ કરવાનું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે, આપ લોકોએ ૨૬ માંથી ૨૬ સીટો આપી પૂર્ણ બહુમતીવાળી સરકાર બનાવી, જેના કારણે ભારતનો ડંકો અમેરિકા, ચીન, રશિયા, કેનેડા, જેવા અનેક દેશોમાં વાગી રહ્યો છે. દેશની થઈ રહેલી પ્રગતિ અને દુનિયામાં થઈ રહેલી ભારતની વાહવાહીને કોંગ્રેસ અને તેના સાથી પક્ષો સહન કરી શકતા નથી. વડાપ્રધાનશ્રીએ પાકિસ્તાન ઉપર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, આપણો પડોશી દેશ ટેરરિસ્ટ એક્સપોર્ટ કરવાનું કામ કરી રહ્યું છે. કોંગ્રેસની નીતિને કારણે કાશ્મીર સમસ્યા ઉદભવી હતી. ૨૦૧૪ પછી ભાજપાએ આ નીતિમાં ફેરફાર કર્યો છે. આજે કાશ્મીરમાં જે લોકો આગ લગાડવાની પ્રવૃત્તી કરે છે તેની સામે કડક કાર્યવાહી આપણાં દેશના વીર જવાનો કરી રહ્યાં છે. પાકિસ્તાનના અખબારોમાં કોંગ્રેસ દ્વારા દેશ વિરોધી કરવામાં આવેલા નિવેદનો હેડલાઇન બને છે, ત્યાંની પાર્લામેન્ટમાં પણ દેશ વિરોધી ભારતના નેતાઓની નામજોગ ચર્ચાઓ કરવામાં આવે છે.

શ્રી નરેન્દ્રભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, પહેલા પાકિસ્તાન પોતાની પાસે રહેલા ન્યુક્લિયર બોમ્બની ધમકી આપતું હતું. આવી ધમકી આ સરકાર પાસે ચાલે એમ નથી એટલે પાકિસ્તાન પણ ઈચ્છે છે કે શ્રી નરેન્દ્રભાઈ મોદી બીજીવાર વડાપ્રધાન ન બને. આજે મહાવીર જયંતિ છે. શાંતિની પૂજાનો દિવસ છે. શાંતિ ક્યારે આવે ? જો આપણે તાકાતવર હોઇએ તો જ શાંતિ સ્થપાય એટલે જ ભારતે તાકાતવર બનવાની જરૂર છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ જુઠ્ઠાણા અને ગપગોળા ચલાવે છે. કોંગ્રેસ સેના માટે કહે છે કે, સેનાનો વડો ગલીનો ગુંડો છે તેથી પાકિસ્તાનને મજા પડે છે. કોંગ્રેસ સર્જીકલ સ્ટ્રાઇક અને એર સ્ટ્રાઇકના સબૂતો માંગે છે. તેમને આપના સપૂતો પર ભરોસો નથી. કોંગ્રેસ પાકિસ્તાનની ભાષા બોલી રહી છે તેથી તેમની પાકિસ્તાનમાં વાહ વાહી થઇ રહી છે. જે લોકો પાકિસ્તાનની ભાષા બોલે તે દેશનું ભલુ ન કરી શકે. કોંગ્રેસે ગયા પાંચ વર્ષમાં એક જ અભિયાન ઉઠાવ્યું છે, ચોકીદાર હટાવો... ચોકીદાર હટાવો... પાકિસ્તાનમાં જઇને તેઓ બોલ્યાં છે કે, તમારે શાંતિ જોઇતી હોય તો, મોદીને હટાવવો જરૂરી છે. કોંગ્રેસ એટલી બધી નીચે જઇ રહી છે કે, તેને ઉભા થવાના પણ હવે ઠેકાણા નથી. પહેલાં મોદીને ગાળો દેતા હતાં, હવે ગુજરાતને ગાળો દઇ રહ્યાં છે. ગુજરાત સાથે દુશ્મન રાજ્ય જેવો વ્યવહાર કરતાં હતાં. ચોકીદાર પર ગમે તેટલો કાદવ ઉછાળે, પરંતુ તેમાંથી વધારે ને વધારે કમળ ખીલશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ગામોમાં - શહેરમાં પોલીસવાળો ઢીલો ઢાલો કોઇને ગમતો નથી, એ મજબૂત હોય તો જ ગામની ચોકી કરી શકે. તેની સામે આટલો મોટો દેશ ચલાવવો હોય તો ઢીલો ઢાલો વડાપ્રધાન ન ચાલે. આ દેશને મજબૂત સરકાર જોઇએ, મજબૂર સરકાર ન ચાલે. જો મજબૂર સરકાર હોય તો દેશ એક ન રહી શકે અને નેક ન રહી શકે. કોંગ્રેસ પાર્ટીના આખા ચૂંટણી ઢંઢેરામાં મધ્યમવર્ગનું ક્યાંય નામોનિશાન નથી. મધ્યમવર્ગ દેશમાં સૌથી મોટો સમૂહ છે. તે કાયદાનું પાલન કરતો હોય છે, સરકારને ટેક્ષના નાણાં આપતો હોય છે, એ મધ્યમવર્ગને ખતમ કરવાનો ખેલ ચાલી રહ્યો છે. કોંગ્રેસના એક

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




સલાહકારે નિવેદન આપ્યું છે કે, મધ્યમવર્ગ સ્વાર્થી છે, તેના પર ટેક્ષ નાંખવાનો જ હોય, જ્યારે ભાજપાએ મધ્યમવર્ગ માટે ઈન્કમટેક્ષમાં રૂ. ૫ લાખ સુધીની કરમુક્તિ આપી છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ભાજપાએ ૫૦ કરોડ લોકોને આયુષ્યમાન યોજનાનો લાભ આપ્યો છે, ૫ લાખનો તબીબી ખર્ચ હવે સરકાર આપશે, તેમને મોદી પર ભરોસો છે. ૧૨ કરોડ કિસાનોના ખાતામાં દર વર્ષે ૭૫ હજાર કરોડ જમાં થાય તે નક્કી કર્યું છે. હિન્દુસ્તાનના બધા ખેડૂતોને આ પૈસા મળશે. ખેડૂતોને, નાના દુકાનદારોને ૬૦ વર્ષ પછી દર મહિને પેન્શન મળશે. આવી તો અનેક યોજનાઓ ભાજપાએ અમલમાં મૂકી છે. વાંકાનેર પાસે વાદી કોમના લોકો ઝૂંપડપટ્ટીમાં રહેતા હતાં. હું મુખ્યમંત્રી હતો ત્યારે તેમને જોઇને મને વિચાર આવ્યો કે, તેમના માટે એક વસાહત બનાવવી જોઇએ, જેથી તેમના સંતાનો સારી રીતે શિક્ષણ મેળવી શકે અને તેમનો ઉછેર સારી રીતે થઇ શકે. તેમના માટે ખાસ વેલ્ફેર બોર્ડ બનાવ્યું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ૪૦ વર્ષ પહેલાં નર્મદાનું પાણી કચ્છ અને કાઠીયાવાડ સુધી પહોંચ્યું ન હતું, તેથી લોકોને હિજરત કરવી પડતી હતી. આજે ગુજરાતના ગામડે ગામડે ખેતી માટે પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય આપણે કર્યું છે. પાણી એ પારસ છે. જેમ પારસના સ્પર્શથી લોઢું સોનું બની જાય છે, તેમ પાણીના સ્પર્શથી જમીનમાંથી સોનું ઉગી નીકળે છે. આપણે સંકલ્પ લીધો કે, પાણી માટે અલગ મંત્રાલય બનાવીશું, તેવી જ રીતે માછીમારો માટે અલગ મંત્રાલય બનાવવાનું નક્કી કર્યું છે. માછીમારોના કલ્યાણ માટે અનેક યોજનાઓ થકી આપણે તેમનું કલ્યાણ કર્યું છે. આજે આપણે તેજ ગતિથી આગળ વધી રહ્યાં છીએ. રાજકોટ માટે ૧૪ હજાર કરોડના ખર્ચે એરપોર્ટ બનાવવાનું નક્કી કર્યું છે આથી રોજગારીની તકો વધશે. સુરેન્દ્રનગર અને રાજકોટની સમૃધ્ધિ વધશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંતમાં જણાવ્યું હતું કે, દેશની પ્રગતિ માટે ગુજરાતનો સાથ જરૂરી છે. આજે દેશ અને દુનિયામાં ભારતનો ડંકો વાગ્યો છે, ત્યારે આવનારા પાંચ વર્ષોમાં હું રાષ્ટ્રની વધુ સારી રીતે સેવા કરી શકુ અને દેશની જનતાને મહત્તમ વિકાસ કાર્યો આપી શકુ તે માટે લોકતંત્રના આ મહોત્સવમાં આપના આર્શિવાદ લેવા સુરેન્દ્રનગરની જનતા પાસે આવ્યો છું. આવનારી તા. ૨૩ એપ્રિલના રોજ વધુમાં વધુ મતદાન કરી, ગુજરાતમાંથી ૨૬ કમળો દિલ્હી મોકલી આપી માં ભારતીને ગૌરવવંતી બનાવવા માટે ગુજરાતની જનતા મને મદદરૂપ થશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુરેન્દ્રનગર ખાતે યોજાયેલ આ જનસભામાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા, સાંસદશ્રીઓ, પૂર્વ સાંસદશ્રીઓ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સુરેન્દ્રનગર બેઠકના ઉમેદવાર ડો. મહેન્દ્રભાઈ મુંજપરા, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઇ. કે. જાડેજા, પ્રદેશ ભાજપાના પદાધિકારીઓ, લોકસભા બેઠકના પ્રભારીશ્રીઓ, ઈન્ચાર્જશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૯ તા. ૧૭.૦૪.૨૦૧૯

-----------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૧૮ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ગુજરાતનાં **લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાજી, કેબીનેટ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયા, પ્રદેશ પ્રવકતાશ્રી ભરતભાઇ પંડ્યા, સાંસદ સભ્યશ્રી શંભુપ્રાષાદ ટુંડીયાજી, પૂર્વ સંસદ સભ્યશ્રી પરેશ રાવલ, પૂર્વ ધારાસભ્યશ્રી નરેશભાઈ કનોડીયા, અમદાવાદનાં પૂર્વ મેયરશ્રી કાનાજી ઠાકોર, ગુજરાતી અભીનેત્રી શ્રીમતી પ્રાંજલબેન ભટ્ટનો** ગુજરાતમાં વિવિધ લોકસભા ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડ દરમ્યાન જાહેર સભાઓ તથા કાર્યકર્તા સંમેલનોને સંબોધશે.

## લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુરનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | | **અમદાવાદ પશ્ચિમ લોકસભા** ગ્રુપ મીટીંગ |

## માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | સાંજે ૦૪.૦૦ કલાકે | **બનાસકાંઠા લોકસભા** – દિયોદર વિધાનસભા – ગ્રુપ મીટીંગ<br>સ્થળ: સંત શ્રી સદારામ કુમાર છાત્રાલય, દિયોદર |
| | સાંજે ૦૫.૦૦ કલાકે | **બનાસકાંઠા લોકસભા** – ધાનેરા વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ – વિજય માર્બલ, પાંઠાવડા |
| | રાત્રે ૦૮.૦૦ કલાકે | **બનાસકાંઠા** – પાલનપુર વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ – મરઘાં કેન્દ્ર, સરકારી વસાહત સામે, પાલનપુર |

## માન. અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | સવારે ૧૦.૦૦ કલાકે | **અમરેલી લોકસભા** – અમરેલી વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સભામાં ઉપસ્થિત રહેશે. |

## કેન્દ્રિય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | બપોરે ૦૨.૨૦ કલાકે | **ભાવનગર લોકસભા** – બોટાદ વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ – વલભીપુર, પાટણા |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **રાજકોટ લોકસભા** – વાંકાનેર વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ – વાંકાનેર |
| | રાત્રે ૦૮.૩૦ કલાકે | **રાજકોટ લોકસભા** – મોરબી વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ – રવાપરા, મોરબી |

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



## કેબીનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯<br>ગુરુવાર | સવારે ૧૧.૪૫ કલાકે | **સુરેન્દ્રનગર લોકસભા** – ધંધુકા વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: સોધી, બાવળા |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **રાજકોટ લોકસભા** – મોરબી વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: ધુંટુ, મોરબી |
| | રાત્રે ૦૮.૦૦ કલાકે | **રાજકોટ લોકસભા** – મોરબી વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: મકનસર, મોરબી |

## ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯<br>ગુરુવાર | સાંજે ૫.૦૦ કલાકે | **જુનાગઢ લોકસભા** – વીસાવદર વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ – બીલ્ખા |
| | સાંજે ૦૬.૩૦ કલાકે | **જુનાગઢ લોકસભા** – વીસાવદર વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ – મોટી મોણપરી |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | **જુનાગઢ લોકસભા** – વીસાવદર વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ – વડાલ |

## પ્રદેશ પ્રવકતાશ્રી ભરતભાઈ પંડ્યાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯<br>ગુરુવાર | બપોરે ૦૨.૩૦ કલાકે | **આણંદ લોકસભા** – આણંદ વિધાનસભા – ગ્રુપ મીટીંગ<br>સ્થળ: રામા રેસીડેન્સી હૉલ, આણંદ |
| | બપોરે ૦૪.૦૦ કલાકે | **આણંદ લોકસભા** – પેટલાદ વિધાનસભા – ગ્રુપ મીટીંગ<br>સ્થળ: રેડક્રોસ, રણછોડજી મંદિર, પેટલાદ |
| | સાંજે ૦૫.૧૫ કલાકે | **આણંદ લોકસભા** – પેટલાદ વિધાનસભા – ગ્રુપ મીટીંગ<br>સ્થળ: પેટલાદ |
| | રાત્રે ૦૭.૦૦ કલાકે | **આણંદ લોકસભા** – અંકલાવ વિધાનસભા – ગ્રુપ મીટીંગ<br>સ્થળ: અંકલાવ |
| | રાત્રે ૦૮.૦૦ કલાકે | **આણંદ લોકસભા** – પેટલાદ વિધાનસભા – ગ્રુપ મીટીંગ<br>સ્થળ: બોરસદ |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | **આણંદ લોકસભા** – બોરસદ વિધાનસભા – ગ્રુપ મીટીંગ<br>સ્થળ: ભદ્રાણ |

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




## સાંસદ સભ્યશ્રી શંભુપ્રાષાદ ટુંડીયાજીનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | બપોરે ૧૧.૩૦ કલાકે | **કચ્છ લોકસભા** - અબડાસા વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: રવાપર, નખત્રાણા |
| | બપોરે ૦૩.૦૦ કલાકે | **કચ્છ લોકસભા** - ભુજ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: નિરોણા બસ સ્ટેન્ડ, ભુજ |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **કચ્છ લોકસભા** - ભુજ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: સુખપર |

## પૂર્વ સંસદ સભ્યશ્રી પરેશ રાવલનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | સાંજે ૦૪.૩૦ કલાકે | **કચ્છ લોકસભા** – ભુજ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: ભુજ |
| | રાત્રે ૦૭.૩૦ કલાકે | **કચ્છ લોકસભા** - ભુજ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: સુખપર |
| | રાત્રે ૦૮.૪૫ કલાકે | **કચ્છ લોકસભા** - ભુજ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: માધાપર |

## પૂર્વ ધારાસભ્યશ્રી નરેશભાઈ કનોડીયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | સાંજે ૦૫.૦૦ કલાકે | **પાટણ લોકસભા** - પાટણ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: રામનગર- પાટણ |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **પાટણ લોકસભા** - પાટણ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: શ્રમજીવી સોસાયટી, પાટણ |
| | રાત્રે ૦૭.૦૦ કલાકે | **પાટણ લોકસભા** - પાટણ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: હંસપુર, પાટણ |
| | રાત્રે ૦૮.૦૦ કલાકે | **પાટણ લોકસભા** - પાટણ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: વાળીનાથ ચોક, પાટણ |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | **પાટણ લોકસભા** - પાટણ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: નારણજીનો પાડો, પાટણ |

## અમદાવાદનાં પૂર્વ મેયરશ્રી કાનાજી ઠાકોરનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | સાંજે ૦૫.૦૦ કલાકે | **મહેસાણા લોકસભા** - માણસા વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ વાડી, કેનાલ નજીક, રીટ્રોલ રોડ |

## ગુજરાતી અભીનેત્રીશ્રી પ્રાંજલબેન ભટ્ટનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | સાંજે ૦૪.૦૦ કલાકે | **ભાવનગર લોકસભા** - ભાવનગર વિધાનસભા - મહિલા સમ્મેલન<br>સ્થળ: ઘોઘા ટાઉનહોલ, ભાવનગર |

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ